**મધ્યાહન ભોજન યોજના માટે સમગ્ર રાજયમાં વાનગીઓનું એકસમાન અઠવાડીક મેનુ નકકી કરવા બાબત**

ગુજરાત સરકાર,
ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૧૭–૧૮૮–આર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦–૮–૨૦૧૭

<u>વંચાણે લીધા :</u>

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧–૩–૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૦૬–જીઓઆઈ–૪૮–આર

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૫–૪–૨૦૧૦ નો ઠરાવ ક્રમાંક : મભય–૧૦૨૦૦૯–૧૫૯૪–આર

(૩) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાનો તા.૧૪–૮–૨૦૧૭ નો પત્ર ક્રમાંક : મભય/અમલ.૪/૨૦૧૭/૧૧૧૭૯

<u>આમુખ</u>

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) ઉપરના તા.૧૧–૩–૨૦૦૮ ના ઠરાવથી રાજયમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાના અસરકારક અમલીકરણ અને દેખરેખ રાખવા માટે જિલ્લા કક્ષાની સ્ટીયરીંગ કમ મોનીટરીંગ કમિટીની રચના કરવામાં આવેલ છે. સમયાંતરે સંબંધિત જિલ્લાના કલેકટરશ્રી/ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકાના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવતી સદરહુ કમિટીની બેઠકમાં ચર્ચા વિચારણા બાદ જે તે જિલ્લાની સ્થાનિક વાનગીઓની વિવિધતા અને પ્રાદેશિક રસરુચિને અનુરુપ વિભાગના સંદર્ભ (૨) ઉપરના તા.૧૫–૪–૨૦૧૦ ના ઠરાવથી નિયત થયેલ દૈનિક જથ્થાના પ્રમાણની મર્યાદામાં અઠવાડીક મેનુ નકકી કરવામાં આવે છે અને તે મુજબ સંબંધિત જિલ્લાના મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ઉપર ભોજન બનાવીને બાળકોને પીરસવામાં આવે છે.

સમગ્ર રાજયમાં મધ્યાહન ભોજન યોજનાના અમલીકરણની એકસૂત્રતા જળવાય તે માટે એક સમાન અઠવાડીક મેનુ નકકી કરવા માટે અગ્ર સચિવશ્રી (શિક્ષણ)

Cost Wages, Indicator All M.C and Dist. 30/8 A.C.

ના અધ્યક્ષસ્થાને તા.૫-૫-૨૦૧૭ ના રોજ ન્યુટ્રીશિયન તજજ્ઞોની બેઠક મળેલ હતી. આ બેઠકમાં થયેલ ચર્ચાનુસાર ન્યુટ્રીશિયન તજજ્ઞો દ્વારા સૂચવવામાં આવેલ અઠવાડીક મેનુ સમગ્ર રાજયમાં લાગુ પાડવાની બાબત સરકારશ્રીની પુખ્ત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ન્યુટ્રીશિયન તજજ્ઞોએ સૂચવેલ નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબનું અઠવાડીક મેનુ સમગ્ર રાજયની મધ્યાહન ભોજન યોજનામાં લાગુ પાડવાનું નીચેની શરતોને આધિન આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | વાર | પ્રથમ ભોજન | નાસ્તો |
|---|---|---|---|
| ૧ | સોમવાર | થેપલા, સૂકી ભાજી | ચણા-ચાટ |
| ૨ | મંગળવાર | વેજીટેબલ ખીચડી | સુખડી |
| ૩ | બુધવાર | થેપલા, દુધી-ચણાની દાળનું શાક | મુઠિયા |
| ૪ | ગુરુવાર | દાળ ઢોકળી | ચણા-ચાટ |
| ૫ | શુક્રવાર | વેજીટેબલ પુલાવ | સુખડી |
| ૬ | શનિવાર | મુઠિયા | મિક્ષદાળ/કઠોળ |

૧. સદર મેનુ મધ્યાહન ભોજન યોજનામાં લાગુ પાડવાથી કોઈપણ વધારાનો નાણાકીય બોજ મંજૂર કરવાનો રહેશે નહી.

૨. વંચાણે લીધેલા ક્રમાંક : (૨) ઉપરના શિક્ષણ વિભાગના તા.૧૫-૪-૨૦૧૦ ના ઠરાવથી ધોરણ ૧ થી ૫ ના બાળકો માટે ૧૮૦ ગ્રામ અને ધોરણ ૬ થી ૮ ના બાળકો માટે ૨૬૫ ગ્રામના નિયત થયેલ જથ્થા મુજબ ભોજન પીરસવાનું રહેશે. તે માટે હાલ અમલમાં રહેલ પ્રવર્તમાન નિયત થયેલ ધારા ધોરણો મુજબ જ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રો ખાતે અનાજ/ કઠોળ ફાળવવાનું રહેશે.

૩. કોઈ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ/ પ્રાદેશિક રસરુચિની જરુરિયાતને અનુલક્ષીને ઉપરોકત અઠવાડીક મેનુમાં ખાસ કિસ્સામાં કોઈ ફેરફાર કરવાની

વિચારણા કરવાની થાય તો તે માટે કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના મારફત શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવાની રહેશે. શિક્ષણ વિભાગની મંજૂરી બાદ ઉપરોકત મેનુમાં સુધારા/વધારા કરી શકાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૨૮–૮–૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પકેશ ઠાકોર)
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ૧૪/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ (કમિ.શ્રી, મ.ભો.યો. મારફત)
- સર્વે મહાનગર પાલિકા કમિશ્નરશ્રી, (કમિ.શ્રી, મ.ભો.યો. મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી (કમિ.શ્રી, મ.ભો.યો. મારફત)
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઈટ ઉપર મુકવા સારુ)
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ